હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૭૨૪, વર્ષ : ૩૧

અંક : ૨૨ નવેમ્બર–૧૬, ૨૦૧૮

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

उत्तिषुत जाग्रत प्राप्य वरान्निबोधत ।
क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गम् पथस्तत्कवयो वदन्ति ॥

(હે માનવો !) ઊઠો, જાગો અને શ્રેષ્ઠ મહાનુભાવોની પાસે જઇને પરમ તત્ત્વને જાણો. કવિઓ (જ્ઞાનીઓ) તે (પરમ તત્ત્વના) માર્ગને અસ્ત્રાની તીક્ષ્ણ અને દુઃખપૂર્વક તરી શકાય તેવી ધારા જેવો દુર્ગમ છે એમ કહે છે.

- કઠોપનિષદ, પ્રથમ અધ્યાય, તૃતીય વલ્લી, શ્લોક-૧૪.

## આદિવચન

પ્રિય વાચક મિત્રો,

ઉપનિષદ સાહિત્ય વેદોના અંતમાં રચાયેલા હોવાથી 'વેદાંત' કહેવાય છે. વેદોની સંખ્યા વિશે અનેક મંતવ્યો છે. પરંતુ ઈશ, કઠ, કેન, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈતિરીય, ઐતરેય, છાંદોગ્ય અને બૃહદારણ્યક એ દસ ઉપનિષદોને તત્ત્વજ્ઞાનનાં પ્રસિદ્ધ ઉપનિષદો માનવામાં આવે છે. કઠોપનિષદ અંગે ઘણા વિદ્વાનો તેને સર્વશ્રેષ્ઠ ઉપનિષદ તરીકે ગણે છે. આ ઉપનિષદમાં બે અધ્યાય, છ વલ્લી (બન્નેની ત્રણ–ત્રણ) અને કુલ ૧૨૦ મંત્રો છે. સ્વામી વિવેકાનંદજીનું અતિપ્રિય વાક્ય, ઊઠો ! જાગો ! ધ્યેયપ્રાપ્તિ કરો. આ ઉપનિષદમાંનું વાક્ય છે. આ કઠઉપનિષદ કૃષ્ણયર્જુર્વેદ તૈત્તિરીય શાખા અન્તર્ગતનું છે. કઠોપનિષદનું બીજું નામ 'નચિકેતોપાખ્યાન' અથવા 'નચિકેતસ્ ઉપાખ્યાન' તરીકે પણ જાણીતું છે.

કઠોપનિષદની શરૂઆત નાનકડી વાર્તાથી થાય છે. ઉપનિષદકાળનું અવલોકન કરતાં જણાય છે કે મોટા ભાગના ઋષિઓ ગૃહસ્થાશ્રમી હતી. પરિણીત જીવનને કે સ્ત્રીને પરમાત્માની પ્રાપ્તિમાં અંતરાયરૂપ માનવાની પ્રથા નહોતી. અરૂણ ઋષિના પુત્ર ઉદ્દાલકે વિશ્વજિત નામે યજ્ઞ કર્યો. આ યજ્ઞને અંતે બ્રાહ્મણોને દક્ષિણા આપવા તેમણે ગાયો મંગાવી. આ ગાયો અત્યંત વૃદ્ધ તથા નિર્બળ હતી. ઋષિનું આવું દાન તેમના નાનકડા બાળક નચિકેતાને ન ગમ્યું. તેથી તેણે વિરોધ કરી કહ્યું કે – 'પિતાજી દાનની વસ્તુ તો ઉત્તમ હોવી જોઈએ. પ્રિય વસ્તુનું દાન ઉત્તમ દાન ગણાય છે. તમારી પ્રિય વસ્તુ તો હું છું. તો મને તમે કોને દાન કરવાના છો ?'' નચિકેતાના શબ્દોથી ઋષિ આવેશમાં આવી ગયા ને બોલી ઉઠ્યા કે જા, તને મૃત્યુ (યમરાજ) ને હું આપું છું. નચિકેતા પિતાની આજ્ઞા મુજબ યમરાજાના દ્વારે પહોંચી ગયા. તે હાજર ન હતા તેથી ત્રણ દિવસ સુધી એણે ત્યાં ઊભા ઊભા યમરાજાની રાહ જોઈ. ત્રણ દિવસ પછી યમદેવતા ઘેર આવ્યા ને તેમણે જાણ્યું કે એક નાનો બ્રાહ્મણ બાળક ત્રણ દિવસથી અન્નજળનો ત્યાગ કરી ઊભો છે. યમરાજાએ નચિકેતાને ત્રણ વરદાન આપી પોતે શાન્તિ મેળવશે તેવી ભાવના વ્યક્ત કરી. નચિકેતાએ માગેલા આ ત્રણ વરદાન એ કઠોપનિષદનું હાર્દ છે.

પ્રથમ વરદાનમાં નચિકેતા પિતાનો ક્રોધ શાંત થાય અને જ્યારે ઘેર પાછો જાય ત્યારે ખૂબ સ્નેહથી સ્વીકારે તેની માગણી કરી સંસ્કારી અને વિવેકી આત્માનો પરિચય આપે છે. બીજા વરદાનમાં નચિકેતા : ''દેવ, સ્વર્ગલોક વિશે, ત્યાં રહેનારા લોકોને ભય, વ્યાધિ, ભૂખ, તરસ, ઘડપણ કશાની અસર થતી નથી. ત્યાં રાતદિવસ સુખશાંતિને આનંદ હોય છે. તો તે લોકની પ્રાપ્તિ કેવી રીતે થાય આ વિશેનું જ્ઞાન આપવા જણાવે છે.'' નચિકેતાની એ જિજ્ઞાસાના ઉત્તરમાં યમરાજે એક વિશેષ પ્રકારના યજ્ઞનું વિધાન બતાવ્યું. તથા અગ્નિવિદ્યાને યમરાજે તે યજ્ઞનું નામ નચિકેતાના નામ સાથે જોડી એક સુંદર માળાની ભેટ આપી.

હવે ત્રીજા વરદાનની વાત આવે છે નચિકેતા માગે છે : येयं प्रेते विचिकित्सा मनुष्य अस्तीत्येके नायमस्तीति चैके । एतिद्विधामनुंशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः ॥ 'મરેલા મનુષ્યની બાબતમાં આવો સંશય છે, કોઈ કહે છે આ (આત્મા) મર્યા પછી રહે છે તો કોઈ કહે છે એ મર્યા પછી રહેતો નથી. આપ દ્વારા ઉપદેશ પ્રાપ્ત કરાયેલો હું આ (આત્મા વિશેની) વિદ્યા જાણી લઉં. આ વરદાનોમાંનું ત્રીજું વરદાન છે (જે હું માંગું છું.)

યમરાજા આ વિષય ઘણો ગૂઢ છે. આ વિષયને સમજાવી શકે તેવા પુરુષો પણ દુર્લભ છે. મારા સિવાય આ વિદ્યા કોઈ જાણતું નથી. તારી ઉંમર ઘણી નાની છે આથી આગ્રહ છોડી અન્ય વરદાન માગી લેવાની વિવિધ લાલચો આપે છે. ધન, દીર્ઘઆયુષ્ય, વિશાળ પૃથ્વી, જે જે કામનાઓ મર્ત્યલોકમાં દુર્લભ છે તે માગ, રથો અને વાજિંત્રોવાળી સુંદરીઓ માગ. પરંતુ જ્ઞાન પિપાસુ અને તત્ત્વ જિજ્ઞાસુ નચિકેતા યમરાજાની તમામ લાલચો ફગાવી દઈ આત્મવિદ્યા જાણવાની ઈચ્છા પર

અડગ રહે છે. ઈશ્વરની શોધ, અમર જીવન કે આત્મોન્નતિના હાર્દ, ઉપનિષદકાર નચિકેતાના માધ્યમથી આપણને સમજાવે છે. સાધકે આત્મોન્નતિના માર્ગે આગળ વધતાં, અન્ય દુન્યવી બાબતોમાં ફસાઈ ન જવું અને દઢતાથી તે માર્ગે આગળ વધવાની, ભારતવર્ષના નાના બાળક નચિકેતાનું આ દેશની વિરાસતનું એક અત્યંત ઓજસ્વી પાત્ર છે.

નચિકેતાની અડગતા તથા બધા જ પ્રલોભનો ગૌણ માની આત્મજ્ઞાનને જ વરદાન સ્વરૂપે માગવાની વાત અંતે યમરાજાએ સ્વીકારી અને શ્રેય અને પ્રેય એવા બે માર્ગોનું વિવેચન કરી જ્ઞાન આપે છે. પ્રથમ ૐકારનું મહત્ત્વ સમજાવતા કહે છે, આત્મા તે જ પરમાત્મા છે. તેને બ્રહ્મ પણ કહે છે. તે જ પ્રણવ અથવા ૐકાર કહેવાય છે. તે જ પરમતત્ત્વ અને પરમપદ છે. વેદો તેનું જ વર્ણન કરે છે. તેને પ્રાપ્ત કરવા માટે જ તપસ્વી લોકો તપ અને વ્રત કરે છે. આ અવિનાશી તત્ત્વ છે. તેને જાણ્યા પછી જીવન ધન્ય બની જાય છે. આત્માનો કદી નાશ થતો નથી; તે જન્મતો કે મરતો નથી. તેની ઉત્પતિ થતી નથી કે તેમાંથી કશું ઉત્પન્ન થતું નથી. તે જન્મરહિત, નિત્ય અને સનાતન છે. શરીરનો નાશ થવાથી તેનો નાશ થતો નથી. તે કોઈથી હણાતો કે કોઈને હણતો નથી. હૃદયરૂપી ગુફામાં તે વિરાજમાન છે. મનને નિર્મળ કરવાથી તેનો અનુભવ થઈ શકે છે. એ આત્મા સ્થિર છતાં સર્વવ્યાપકને શાંત હોવા છતાં સર્વત્ર વિચરણ કરે છે.'' કઠોપનિષદના આ શ્લોકો શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકોને આબેહૂબ મળતા આવે છે. આથી એવું કહેવાય છે કે ગીતા ઉપનિષદોનો સાર છે.

જીવનની અધ્યાત્મયાત્રાને અનેકવિધ રૂપકો દ્વારા સમજાવવાની આપણી પરંપરા મુજબ કઠોપનિષદમાં પણ જીવન અને અધ્યાત્મયાત્રાને જીવનરથના રૂપક દ્વારા યમરાજા આ ગૂઢ જ્ઞાન નચિકેતાની જિજ્ઞાસા સંતોષવા પ્રથમ અધ્યાયની ત્રીજી વલ્લીમાં વર્ણવે છે.

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु।
बुद्धि तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥३॥
दन्टियाणि हयान्याहुबिषयांस्तेषु गोचरान्।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥८॥

"તું આત્માને રથી (રથનો સ્વામી) જાણ અને તું શરીરને રથ, બુદ્ધિને સારથી તથા મનને લગામ (તરીકે જાણ)(૩). જ્ઞાની પુરુષો ઇન્દ્રિયોને ઘોડા કહે છે; ઇન્દ્રિયોના વિષયો ઘોડાને વિચરણ કરવાનો માર્ગ છે. શરીર, ઇન્દ્રિયો અને મન સાથે જોડાયેલો જીવાત્મા ભોક્તા છે(૪)."

કઠોપનિષદના આ બે શ્લોકો દ્વારા જીવન એક યાત્રા છે. યાત્રા માટે સાધન જોઈએ. આ માટે રથ અને રથીના રૂપક દ્વારા આ યાત્રા માટે કેવી સજ્જતા જોઈએ તે અંગેનું જ્ઞાન યમરાજા દ્વારા નચિકેતાને અપાયું છે. પ્રથમ, જીવાત્મા પોતે જ રથમાં બેઠેલો રથનો માલિક છે. એટલે રથનો રથી છે. બીજું, શરીર રથ છે. આપણી જીવનયાત્રા શરીરના માધ્યમથી થાય છે. જીવનયાત્રા માટે શરીરરથ અનિવાર્ય છે. તેથી જ, ''शरीरमाध्यम् खलु धर्मसाधनम्।'' કહ્યું છે. ત્રીજું, જીવનયાત્રાના આ રથમાં બુદ્ધિ સારથીના સ્થાને છે. બુદ્ધિ એટલે નિશ્ચયાત્મિકા વૃત્તિ. સાર-અસારનો વિચાર કરી, વિવેકપૂર્વક નિર્ણય કરનાર તત્ત્વ એટલે બુદ્ધિ. કયે માર્ગે ચાલવાથી, કયા સાધન દ્વારા પરમ તત્ત્વને જાણી શકાય તેનો વિવેક તથા નિર્ણય બુદ્ધિથી થાય છે. આથી તેને જીવનરથના સારથી સમાન ગણેલ છે. ચોથું, બુદ્ધિ સારથી હોઈ તેના હાથમાં લગામ હોય છે. જેનાથી તે ઘોડાઓને નિયંત્રણમાં રાખે છે, પાંચમુ લગામ બુદ્ધિરૂપી સારથીના હાથમાં છે, તો જીવનરથના ઘોડા કોણ છે ? જ્ઞાનીપુરૂષો ઈન્દ્રિયોને ઘોડા કહે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો રૂપી દસ વિષયો છે. રસ્તો, રથ, ઘોડા, લગામ અને સારથી બધાં જ હાજર હોય પણ રથીની હાજરી વિના રથ આગળ ચાલે નહીં. આથી પાંચમા, તત્ત્વ તરીકે ચેતન જીવાત્મા વિનાનાં બધાં જ તત્ત્વોને જડ કહ્યાં છે. કોઈપણ જડ તત્ત્વથી ગતિ સંભવી શકે નહીં. આથી ચેતન જીવાત્માના સાંનિધ્યથી તેમનામાં ચેતનાનો સ્પર્શ થાય તો જ રથમાં ગતિ આવે છે. જીવાત્મા ભોક્તા છે, બાકીનાં બધાં ભોગ્ય છે. જીવાત્મા માલિક છે અને બાકીના બધાં સાધનો છે. આ સાધનો એટલે વિવેકયુક્ત બુદ્ધિ, નિયંત્રિત મન અને વશવર્તી ઈન્દ્રિયો.

"જે મનુષ્ય (સાધક) વિવેકરૂપી, બુદ્ધિરૂપી સારથીથી સંપન્ન છે અને મનરૂપી લગામને નિયંત્રણમાં રાખનાર છે તે સંસારરૂપી માર્ગને પાર કરીને વિષ્ણુ (પરબ્રહ્મ પરમાત્મા)ના તે પરમપદને પામે છે.'' (૧-૩-૯). આ પરમપદને યોગીઓ કૈવલ્યપદ, ભક્તો ગોલોક, બૌદ્ધો નિર્વાણ, જૈનો આત્મપ્રાપ્તિ તથા જ્ઞાનીઓ બ્રાહ્મી સ્થિતિ તરીકે વર્ણવે છે.

કઠોપનિષદના બીજા અધ્યાયમાં આત્મા, બ્રહ્મ, એક જ આત્મા એક જ પરમાત્મા, શાશ્વત સુખ, ભયરહિત સ્થિતિ, ન શોક ન આસક્તિ, પરમાત્માની સર્વોત્તમત્તા, અમરત્વની પ્રાપ્તિ તથા સુષુમ્ણામાંથી આત્માનું નિષ્ક્રમણ જેવી બાબતો વણી લઈ અંતે અમર બનવાનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે.

જગતના બધા જ જીવો અંતે તો પોતપોતાની રુચિ, બુદ્ધિ તથા શક્તિ પ્રમાણે અધ્યાત્મ માર્ગે પ્રગતિ કરી શાંતિ મેળવવાની મથામણ કરે છે. યમદેવ કહે છે કે સંપૂર્ણ અને સનાતન શાંતિ તેને જ મળે છે જે પોતાની અંદરને બહાર બધે પરમાત્માનો અનુભવ કરે છે. પરમાત્મા વિશે આ સંદર્ભે યમરાજ જણાવે છે. 'અગ્નિ જેવી રીતે એક છે છતાં જુદી જુદી વસ્તુમાં પ્રવેશ કરી જુદા જુદા આકાર ધારણ કરે છે, વાયુ એક છે છતાં નીત નવાં રૂપ ધારણ કરે છે, આમ પરમાત્માને જાણે છે તે સનાતન સુખ અને શાશ્વત શાંતિ મેળવે છે.

યમદેવ છેલ્લે, યોગની સાધના અથવા આચરણથી પરમપદને પામવાની વાત કહે છે. જે માણસ યોગ અથવા પ્રાણાયામની સાધનામાં પ્રવિણ બનીને સુષુમ્ણા નાડી ઉપર બ્રહ્મરંધ્ર તરફ પ્રયાણ કરે છે તે આ નાડી દ્વારા મૃત્યુ વખતે ઉર્ધ્વગતિ કરે છે ને અમર બને છે એટલે કે જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થાય છે. આ રીતે યમરાજાએ નચિકેતાને અમરતાનો માર્ગ બતાવ્યો.

કઠોપનિષદનો મુખ્ય હેતુ નીચેના શ્લોકથી વર્ણવું છું.

अशब्दम स्पर्शम रुपमव्ययं तथारसं नित्यमगन्धवच्च यत्।
अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाच्य तं मृत्यमुखात्प्रमुच्चयते ॥

"જે શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, રસરહિત અને ગંધ વિનાનું છે અને અવ્યય, નિત્ય, અનાદિ, આદિરહિત, અનંત મહાનથી પણ મહાન સ્થિર છે તે (પરમાત્મા)ને જાણીને (માનવ) મૃત્યુના મુખમાંથી છૂટી જાય છે. (૧-૩-૧૫).

તા. ૧૬-૧૧-૨૦૧૮
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## આંતરરાષ્ટ્રીય સંબંધો









હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોના શૈક્ષણિક તેમજ સંશોધન ક્ષેત્રે રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષાએ સંબંધો વિકસી શકે તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોને આંતર–રાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ તેમજ સંશોધન માટેની તકો પ્રાપ્ત થાય તે માટે કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ દ્વારા આંતરરાષ્ટ્રીય રીલેશનશીપ સેલની રચના કરવામાં આવી છે. જેના દ્વારા યુનિવર્સિટી દ્વારા વિવિધ સંસ્થાઓ સાથે શિક્ષણ–સંશોધનના આદાન પ્રદાન થતા રહે તે માટે MOU કરવામાં આવ્યા છે.

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ/અધ્યાપકોને યુરોપની યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણ તથા સંશોધનની ઉજ્જવળ તકો પ્રાપ્ત થાય તે માટે માન. કુલપતિશ્રીના સંનિષ્ઠ માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય રીલેશનશીપ સેલના ડૉ. નિશીથ ધારૈયા તાજેતરમાં પોલેન્ડ ખાતે ટ્રાન્સ નેશનલ યુનિવર્સિટી એસોશિયેશનની મુલાકાત લઇ પોલેન્ડ ખાતેની ત્રણ અલગ અલગ યુનિવર્સિટી તથા પોલીશ સાયન્સ એકેડેમી ખાતે યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી સ્ટુડન્ટ/ફેકલ્ટી એક્સચેન્જ તેમજ જોઇન્ટ રીસર્ચ શરૂ કરવા માટે મિટીંગ કરેલ.

પોલેન્ડ ખાતેની ઓપોલે સ્ટેટ યુનિવર્સિટી, ઓપોલે યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી તેમજ વોર્સો યુનિવર્સિટી ઓફ લાઇફ સાયન્સ સાથે થયેલી મીટીંગો દરમ્યાન યુનિવર્સિટીના કુલપતિશ્રી એ ઇન્ટરનેટ કોલીંગ દ્વારા મિટીંગમાં ભાગ લઇ માર્ગદર્શન પૂરું પાડેલ તથા વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન માત્ર પોલેન્ડ જ નહીં પરંતુ યુરોપના અન્ય દેશોની યુનિવર્સિટી સાથે પણ શૈક્ષણિક સંબંધો વિકસાવવા માટે યુરોપની ટ્રાન્સ નેશનલ યુનિવર્સિટી કમીશન સાથે કરાર કરવા નિર્દેશ કરેલ છે.

ટ્રાન્સ નેશનલ યુનિવર્સિટી કમીશનના ડાયરેક્ટરશ્રી મહર્ષિ શાહે વોર્સો યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. ક્રીસ્ટોફ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લઇ સાયન્સ તેમજ અન્ય વિષયોમાં વિદ્યાર્થી–એક્સચેન્જ તેમજ સંયુક્ત સંશોધનો માટેના MOU કરવા માટેની તૈયારી બતાવેલ છે.

આગામી વાઇબ્રન્ટ ગુજરાત સમીટ ૨૦૧૯માં આપણી યુનિવર્સિટી યુરોપની ટ્રાન્સ નેશનલ યુનિવર્સિટી કમીશન સાથે MOU કરશે જેનાથી યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓને યુરોપીય દેશોમાં ઉચ્ચ શિક્ષણ/સંશોધન માટેની ઉજ્જવળ તકો પ્રાપ્ત થશે. આ અંગેની વધુ જાણકારી માટે વિદ્યાર્થીઓ/શિક્ષકો તેમજ યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય રીલેશનશીપ સેલના કન્વીનર શ્રી ડૉ. મહેન્દ્ર પ્રજાપતિ, ડૉ. અશ્વિન મોદી તેમજ ડૉ. નિશીથ ધારૈયાનો સંપર્ક કરી શકે છે.

## એન.એસ.એસ.



❊ ભારત સરકારના યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ મંત્રાલય, નવી દિલ્હી એન.એસ.એસ. પ્રાદેશિક કચેરી નિયામકશ્રીના નિર્દેશાનુસાર તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ થી તા. ૦૧ ઓક્ટો., ૨૦૧૮ સુધી અટલ બિહારી વાજપેયી ઇન્સ્ટીટ્યુટ ઓફ માઉન્ટેનીરીંગ એન્ડ એલાઇડ સ્પોર્ટ્સ,



ધર્મશાળા, હિમાચલ પ્રદેશ સરકારના ઉપક્રમે રીજીઓનલ માઉન્ટેનીરીંગ સેન્ટર ખાતે એડવેન્ચર કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં સ્વયંસેવકોને હિમાચલ પ્રદેશ, ધર્મશાળાના મેક્લોજગંજ, ઘેરા અને ટ્રાયગુંડના જંગલ વિસ્તારમાં બેલી ક્રોસિંગ, વોલ ક્લાયમ્બીંગ, ડાઉન ફોલીંગ, નોટ્સ બાયન્ડર્સ, ટીમવર્ક, ટીમ બિલ્ડીંગ એક્ટીવીટી, સરવાઈવલ ટ્રેનીંગ, રેસ્કુ ટ્રેનીંગ, રેપીંગ અને ટ્રેકિંગ વગેરેની રીજીઓનલ માઉન્ટેનીરીંગ સેન્ટરના ઈન્ચાર્જ અનુજા અવસ્થા અને તજજ્ઞ શ્રી રવિ, શ્રી પિયુષ અને શ્રી સપના દ્વારા ટ્રેનીંગ આપવામાં આવી હતી. આ નેશનલ કક્ષાના એડવેન્ચર કેમ્પમાં ભારતભરમાંથી કુલ ૬૦ એન.એસ.એસ.ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સલંગ્ન એન.એસ.એસ. ચલાવતી કોલેજોના પસંદગી પામેલ દસ વિદ્યાર્થી આ કેમ્પમાં જોડાયા હતા. બી.એમ. શાહ મહાવિદ્યાલય, ઝીલીયાના હરદેવસિંહ ઝાલાને બેસ્ટ એન.એસ.એસ. સ્વયંસેવક તરીકે પસંદગી થઈ હતી. જ્યારે આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોમર્સ કોલેજ, પાલનપુરના મોહમ્મદ ધુકાની ટીમ લીડર તરીકે પસંદગી થઈ હતી. તાલીમ કેમ્પના ટીમના ટીમ મેનેજર તરીકે આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના પ્રો. આર.ડી. વરસાત અને આર્ટ્સ કોલેજ, વિજયનગરના પ્રો. ડૉ. અર્પિતાબેન પટેલ રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ એન.એસ.એસ. પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર ડૉ. જે.ડી. ડામોર,ના માર્ગદર્શન હેઠળ ક્રિયાન્વિત થયો હતો.

✻ તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા ભારત સરકારની પી.એફ.એમ.એસ. (પબ્લિક ફાયનાન્સીયલ મેનેજમેન્ટ






સિસ્ટમ)ની જાણકારી આપવા યુનિવર્સિટી, પાટણ સલંગ્ન એન.એસ.એસ. ચલાવતી કોલેજોના પ્રોગ્રામ ઓફિસરો માટે એક દિવસીય સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે એન.એસ.એસ. રાજય પ્રાદેશિક કચેરીના નિયામકશ્રી ડૉ. કમલકુમાર કર દ્વારા જાણકારી આપવામાં આવી હતી. તેમણે વકતવ્યમાં ભારત સરકાર પી.એફ.એમ.એસ. (પબ્લિક ફાયનાન્સીયલ મેનેજમેન્ટ સિસ્ટમ) યોજના હેઠળ જ યુનિવર્સિટીને ગ્રાન્ટ આપશે અને યુનિવર્સિટી પણ આ યોજના હેઠળ જ સલંગ્ન એન.એસ.એસ. ચલાવતી કોલેજોને ગ્રાન્ટ આપશે અને આ ગ્રાન્ટના હિસાબો પણ આ યોજના થકી જ આપવા પડશે આથી ફરજીયાત આ યોજનાનો અમલ કરવો અને તમામ એન.એસ.એસ.ની તમામ કોલેજોએ ભારત સરકારની યંગ ઈન્ડિયા વેબસાઈટ પર ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવા ઉપર ભાર મુક્યો હતો અને એન.એસ.એસ.ની થતી તમામ પ્રવૃત્તિઓ આ વેબસાઈટ ઉપર મુકવા તેમજ રજીસ્ટ્રેશન કરાવવા આહવાન કર્યું હતું. કૉ–ઓર્ડીનેટર ડૉ. જે.ડી. ડામોરે પ્રસંગોચિત્ત વકતવ્ય આપ્યું હતું.




✻ ભારત સરકારના યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ મંત્રાલય, નવી દિલ્હી એન.એસ.એસ. પ્રાદેશિક કચેરી નિયામકશ્રીના નિર્દેશાનુસાર તા. ૮ થી ૧૪ ઓક્ટોબર, ૨૦૧૮ સુધી રાષ્ટ્રીય એકતા દિવસ (નેશલન ઈન્ટેગ્રેશન કેમ્પ) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા ખાતે યોજવામાં આવ્યો હતો. આ કેમ્પના ઉદ્‌ઘાટન સમારોહમાં એન.એસ.એસ. પ્રાદેશિક કચેરી નિયામકશ્રી ડૉ. કમલકુમાર કર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના કુલપતિશ્રી ડૉ. પરિમલ વ્યાસ, રાજય એન.એસ.એસ. અધિકારીશ્રી દર્શનાબેન જોશી ઉપસ્થિત રહ્યા હતા અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, મોનો એક્ટિંગ, સિંગીંગ વગેરે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ




કરવામાં આવી હતી. મહાત્મા ગાંધીની ૧૫૦મા વર્ષની ઉજવણીના ઉપલબ્ધમાં સ્વચ્છતા અભિયાન, આરોગ્ય, શ્રમદાન સામાજિક સમરસતા વગેરે વિષયો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન એન.એસ.એસ. ચલાવતી કૉલેજોના સ્વયંસેવકો હીના પટેલ, આરતી બાવા, મિત્તલ ચાવડા, સાક્ષી ત્રિવેદી, અંજલિ શ્રીમાળી, વિપુલ ચૌધરી, ઉમેશ પરમાર, પ્રકાશ ઠાકોર, રાજેશ રબારી અને રાહુલ વાઘેલા આ કેમ્પમાં જોડાયા હતા.

# કૉલેજ ન્યુઝ

## આરોગ્ય



આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્ય સરકાર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીએ થેલેસેમિયા નાબુદી અભિયાનના ઉપક્રમે શ્રી ટી.એમ. શાહ મહિલા આર્ટ્સ કૉલેજમાં તા. ૬-૧૦-૨૦૧૮ના રોજ થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ જેટલી બહેનોએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો.

## ગાંધી જયંતી

✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુરમાં ચાલતાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્રમાં તા. ૨-૧૦-૨૦૧૮ના રોજ ગાંધીજયંતી નિમિત્તે નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ઉપરાંત પ્રભાત ફેરી, સ્વચ્છતા અભિયાન, પ્રાર્થના સભા, વેશભૂષા કાર્યક્રમ, હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર દ્વારા આયોજિત ગાંધીજીના જીવન પર આધારિત ઓનલાઈન ક્વીઝમાં કોલેજના ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સર્જીકલ સ્ટ્રાઈક ડેની ઉજવણી કરવામાં આવી હતી. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઠાકોર મુકેશ બી., બીજા ક્રમે ચૌધરી રેખા પી. અને ત્રીજા ક્રમે પરમાર રઘુ આર. અને પરમાર ભરત બી. વિજેતા રહ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર હિતેશ એન., બીજા ક્રમે ઠાકોર ભાવેશ એસ. અને ત્રીજા ક્રમે સુથાર નિલમ વી. તથા લુહાર ભાવના પી. વિજેતા થયા હતા. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સાધુ જયદિપ જે. અને ચાવડા કિરણ ડી., બીજા ક્રમે માળી વસંત બી. તેમજ ત્રીજા ક્રમે ઠાકોર ચેતન બી. અને પરમાર મનીષા આર. વિજેતા બન્યા હતાં.

પ્રિ.સી.એમ. ઠક્કરે ગાંધીના જીવન ચરિત્ર પર વક્તવ્ય આપી ગાંધીજીના વિચારોને જીવનમાં આચરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે લાલબહાદુર શાસ્ત્રીને પણ યાદ કરવામાં આવ્યા હતાં. શ્રી ધીરૂભાઈ ઠક્કરે પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યું હતું.



✻ શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી બી.એડ્. કોલેજ, વિસનગરના તાલીમાર્થી બહેન કુ. દિપ્તીબેન ડી. પટેલએ ધી ન્યુ. પ્રોગ્રેસીવ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે યોજાયેલ યુનિવર્સિટી કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં 'આજે ગાંધી હયાત હોત તો શું કરત ? વિષય પર' પ્રથમ આવી કોલેજનું ગૌરવ વધારેલ છે.



✻ મહિલા આર્ટ્સ કોલેજ, હિંમતનગર ખાતે ગાંધીજયંતીની ઉજવણી નિમિત્તે સર્વધર્મ પ્રાર્થના, ભજન, કિર્તન, ગાંધીજીના વિચારો પર વક્તૃત્વ સ્પર્ધા, ક્વીઝ તેમજ સ્વચ્છતા અભિયાન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.



✲ તા. ૩–૧૦–૨૦૧૮ના રોજ પાલનપુર જિલ્લા જેલમાં લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુર દ્વારા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી વર્ષ નિમિત્તે વ્યાખ્યાન અને પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેલના અધિક્ષકશ્રી બહાદુરસિંહે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. શ્રી અનિલભાઈએ ગાંધીજીના જીવન અને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ વિષે વાત કરી હતી. કાર્યક્રમમાં ૧૦૦ બંદીવાન ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.




✲ તા. ૫–૧૦–૨૦૧૮ના રોજ વગદા મુકામે લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુર દ્વારા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી વર્ષ નિમિત્તે બાળમેળો યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રાર્થના, ભજન, ધૂન બાળગીત, અભિનયગીત રંગોળી, આરોગ્ય, ટોપી, તોરણ, ઓરીગામી, ઓઈલકાર્ડ, નિશાનતાક, સંકલ્પવૃક્ષ, ચિત્ર, રમત–ગમત, અનાજ, કઠોળની ઓળખ અને મહેંદી જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ૨૭૭ બાળકોએ રસપૂર્વક ભાગ લીધો.

✲ આર્ટ્સ કૉલેજ, સતલાસણામાં તા. ૧૯–૯–૨૦૧૮ના રોજ ૧૫૦મી ગાંધી જયંતી નિમિત્ત ગાંધીજી અને સ્વચ્છતા અંતર્ગત નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે પરમાર કૃપલકુમારી વી., દ્વિતીય નંબરે ઠાકોર સુરેશજી આર. તથા તૃતીય નંબરે રાવળ નિધિ વિજેતા રહ્યા હતા. જ્યારે તા. ૨૦–૯–૨૦૧૮ના રોજ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબર આગલોડીયા નસરીનબાનુ, દ્વિતીય નંબરે ઠાકોર ધર્મિષ્ઠા અને ચૌહાણ પિન્ટુબા તથા તૃતીય નંબરે પ્રજાપતિ દ્રષ્ટિ અને પ્રજાપતિ અર્પિતા વિજેતા રહ્યા હતા.

## સંમેલન

શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૧૪–૧૦–૨૦૧૮ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંમેલનનું આયોજન થયું હતું. જેમાં મહાવિદ્યાલયની શરૂઆતના વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૮ સુધીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે હેમચંદ્રાચાર્ય ઉત્તર



ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ વિદ્યાર્થીઓને વર્તમાન પ્રવાહ સાથે કદમ મિલાવવા અપગ્રેડ થતા રહેવાનું માર્ગદર્શન આપ્યું હતું. મહાવિદ્યાલયના અધ્યાપકશ્રી ડૉ. ચિરાગ સી. સ્વામીનું હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પી.એચ.ડી. ગાઇડશીપ બદલ સન્માન કરવામાં આવ્યું હતું. પૂર્વધારાસભ્ય નારાયણભાઇ પટેલ, ડૉ. સુનિલભાઇ બોરીશાએ પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનો કર્યા હતાં.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ





✲ શ્રી સત્સંગી સાંકેતધામ રામઆશ્રમ (આસ.આર.આઇ.) વડસ્મા કેમ્પસમાં આવેલ તમામ કોલેજોના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭–૧૦–૨૦૧૮ના રોજ "શરદોત્સવ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટીશ્રી ભરતભાઇ રાવે વિદ્યાર્થીઓમાં કલા–કૌશલ્ય વિકસે તે અંગે અનુરોધ કર્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત રાજ્યના પ્રેસીડેન્ટ શ્રી દિલીપભાઇ ત્રિવેદીએ આર્શીવચન આપ્યા હતાં. વિદ્યાર્થીઓ દ્વારા ભારતના વિવિધ પ્રાંતોના નૃત્યો કરવામાં આવ્યા હતા. જેમાં બેસ્ટ ડ્રેસીંગ, બેસ્ટ એકશન, બેસ્ટ પરફોરમન્સ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ચાણસ્મામાં તા. ૨૨–૯–૨૦૧૮ના રોજ નિબંધસ્પર્ધા : ''રાષ્ટ્રીય એક્તા અને સામુદાયિક સવાદિતતા'' યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે પટેલ દીપિકા ઇન્દુભાઇ, દ્વિતીય ક્રમે રાવળ પ્રિયકા કનુભાઇ અને તૃતીય ક્રમે પટેલ પૂજા દશરથભાઇ વિજેતા થયેલ.



❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરમાં યુવા મતદાર મહોત્સવ–૨૦૧૮ અંતર્ગત ''સુગમ ચૂંટણી પ્રક્રિયા પરંપરાગત લોકકળા/હસ્તકળા આધારીત પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે શંખેશ્વર તાલુકાના મામલતદાર કિશોરદાન ગઢવી, નવીનભાઇ ભજક, અશ્વિનભાઇ રાવલ અને ડૉ. રાજેશ ત્રિવેદીએ ''મતદાન આપણી રાષ્ટ્રીય ફરજ છે'' તે અંગે વક્તવ્યો આપ્યા હતા. સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચાવડા મંજુલા, દ્વિતીય ક્રમે ઠાકોર કિરણભાઇ, સોલંકી ભૂમિકા, ત્રીજા નંબરે મલેક સાહિસ્તાબાનું તથા નાઇનિલમ વિજેતા થયા હતાં.

## સેમિનાર





❊ આર્ટ્સ કોલેજ, સતલાસણામાં એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર ''ભારતમાં ગ્રામીણ વિકાસ : પ્રશ્નો અને પડકારો'' વિષય ઉપર યોજવામાં આવ્યો હતો. ડૉ. જયેશભાઇ બારોટ અને પ્રા. વી.કે. પગીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. સેમિનારના બીજ વક્તા તરીકે ગુજરાત યુનિવર્સિટી સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. ગૌરાંગ જાનીએ ગ્રામીણ વિકાસના સંદર્ભમાં જ્ઞાતિ, ધર્મ, વર્ણ, ગ્રામીણ કામનું સ્વરૂપ–વૈવિધ્યતા વગેરે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

❊ શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં શેરમાર્કેટ માટે મોક સેમીનાર યોજવામાં આવ્યો હતો. વિષય તજજ્ઞ કોમલ જોષી દ્વારા ગ્રામીણ સમુદાય દ્વારા શેરબજારની ઉત્સુક્તા અંગે વિશેષ વક્તવ્ય આપવામાં આવ્યું હતું. શ્રી નવીનભાઇ ભોજક અને અશ્વિનભાઇ રાવલે પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યા હતા.

## સ્વચ્છતા અભિયાન



❊ લોકનિકેતન શિક્ષણ મહાવિદ્યાલય (બી.એડ્.) રતનપુરમાં તા. ૨૫–૯–૨૦૧૮ના રોજ સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી અંતર્ગત આવેલ મેરવાડા ગામમાં સફાઇની કામગીરી કરવામાં આવી હતી.




❊ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા ૧૫૦મી ગાંધી જયંતી ઉજવણી પ્રસંગે તા. ૧૬–૯–૨૦૧૮ના 'સ્વચ્છતા અભિયાન' કાર્યક્રમ અંતર્ગત કડી શહેરમાં રેલી કાઢવામાં આવી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના લાઇવ 'સ્વચ્છતા એ જ સેવા'નો કાર્યક્રમ નિહાળ્યો હતો.

❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંજામાં તા. ૨૦–૯–૨૦૧૮ના રોજ એન.એસ.એસ., એન.સી.સી., સ્પોર્ટસના સંયુક્ત ઉપક્રમે 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત કેમ્પસમાં સફાઇ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ગ્રંથદર્શન



શીર્ષક : લોક સંસ્કૃતિના સંશોધક અમૃત પટેલ વ્યક્તિત્વ અને વાઙ્મય
સંપાદક : ડૉ. પરમ પાઠક
પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૮
કિંમત : રૂા. ૩૫૦-૦૦ પૃષ્ઠ : ૨૮૭
ISBN : 978–93–5108–909–4

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કારોબારી સભ્યશ્રી ડૉ. અમૃતભાઇ પટેલ સંસ્કૃતિ પ્રેમી અને અભ્યાસુ છે. ગુજરાતી ભાષા સાહિત્યના વિવિધ સ્વરૂપો નાટક, નવલકથા, લોકગીતો, નિબંધો વગેરેમાં તેમનું ખેડાણ રહ્યું છે. વિશેષતઃ ઉત્તર ગુજરાતની ભાષા, બોલી, સંસ્કૃતિ, લોકગીતો, સમાજ વ્યવસ્થા, શિલ્પ સ્થાપત્યોમાં પ્રગટ થયેલા સાહિત્યિક પાત્રો વગેરેમાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આથી ડૉ. પ્રાંજલિ પટેલે તેમના ઉત્તર ગુજરાત પ્રદેશના સંશોધનકાર્યને નવાજતા ''ઉત્તર ગુજરાતના મેઘાણી ડૉ. અમૃત પટેલ''નું બિરુદ આપ્યું છે તે સર્વથા યોગ્ય છે.

ડૉ. અમૃતભાઇના સર્જકત્વે ગુજરાતી ભાષા–સાહિત્યની બહુ મોટી સેવા કરી છે. જેના કારણે તેમના વ્યક્તિત્વ અને વાઙ્મય વિશે જાણવાની સૌને મનસા રહે તે સ્વાભાવિક છે. આ મનસાની પૂર્તિકર્તા છે ડૉ. પરમ પાઠક. જેમણે સદર ગ્રંથના માધ્યમથી ઉપરોક્ત સાહિત્ય વૈભવને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે.

સદર ગ્રંથમાં કુલ ૬૨ લેખો છે જેને ૧. વ્યક્તિત્વ, ૨. લોકગીત, ૩. લોકગીત એક અધ્યયન, ૪. આપણો ઉપેક્ષિત વારસો, ૫. ઝમરખ દીવડો, ૬. લોકકથા, ૭. સંશોધન મથાળા હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યા છે. વ્યક્તિત્વ અંતર્ગત ડૉ. અમૃતભાઇના સાહિત્યપ્રેમને ખૂબ જ સરળ શૈલી અને હૃદયસ્થ ભાવોથી લેખકોએ વર્ણવ્યો છે. 'ચંપાની કળીઓમાં કસ્તુરી' અને ''મું તો ઢોલે રમું'' લોકગીતોએ અમૃતભાઇને આગવી ઓળખ અપાવી છે. સાહિત્યરસિકોને ઘેલુ લગાડ્યું છે. આ બંને લોકગીતોને લઇને ૧૩ જેટલા લેખો છે જેમાં સદર લોકગીતોના મર્મને પીરસવામાં આવ્યો છે. લેખોની સંખ્યાજ આ બાબતની સ્વયં પુષ્ટિ કરે છે. આ લોકગીતો ઉપરાંત 'કંકુ રે વાયું' અને 'મેંદી લાલ ગુલાલ'નો સમાવેશ છે.

લોકકથાની વાત કરીએ તો ''સરસ્વતીને કાંઠે''માં વિવિધ પાળિયા કથાઓ, કંઠપરંપરામાં પાળિયા વગેરે બાબતો છે. ઉત્તર ગુજરાતની–પાટણ પંથકની મુખ્ય નદી ''સરસ્વતી'' અને એમાંય આપણી યુનિવર્સિટી સરસ્વતીના કાંઠે આથી આ કથાપ્રસંગોનું વાચન, તેમાં અભિપ્રેત વિષયવસ્તુ, ધબકતી શૌર્ય ગાથાઓ પ્રત્યે આપણું વિશેષ આર્કષણ રહે છે. આ ઉપરાંત ''આપણા ઓઠાં'' છે. અત્રે મને એક વાતની ખોટ સાલે છે, એ છે ''રૂપેણને કાંઠે'' રૂપેણના કાંઠા ઉપર સરસ કામ કર્યું છે. ગ્રંથદર્શનકર્તાનું વતન રૂપેણના કાંઠે છે. આથી સદર ગ્રંથનું માત્ર વાચન જ નહીં પરંતુ તેને આત્મસાત પણ કર્યો છે.

ભારતીયો દસ્તાવેજીકરણમાં ખૂબ કાચા છે. આવી માન્યતા અંગ્રેજો ધરાવે છે અને આ કંઇક અંશે સત્ય પણ છે. પરંતુ અમૃતભાઇએ લોક સંસ્કૃતિમાં સચવાયેલા ફટાણા, મરશિયા, સલોકા, કોશગીતો વિશે રસ દાખવ્યો છે. વિવિધ સંદર્ભગ્રંથોને ફંફોળીને, સંકલીત કરી ગ્રંથસ્થ કરવાનું શ્રમસાધ્ય કાર્ય કર્યું છે. ઉપેક્ષા પામેલા આ સાહિત્યના સ્વરૂપ અંગે લોકોને વિચારતા કર્યા છે. અનેક વિદ્યાર્થીઓને પીએચ.ડી.ના સંશોધન વિષય તરીકે આપી તેના ઊંડાણમાં જઇ રહ્યા છે. પ્રા. દક્ષા ભાવસાર, ડૉ. મંજુલા સોગઠિયા અને ડૉ. પ્રકાશ પંડ્યાએ આ વાતને વાચા આપી છે. 'મા ઉમિયાની પૂજા'' અને ''રાજમાતા મહારાણી મીનળદેવી'' વિષયક અનેક સંશોધનો કરી સત્ય અને તથ્ય શું છે ? તે દર્શાવ્યું છે.

સદર ગ્રંથનું વાચન–મનન આપણને પુષ્ટ કરે છે. આપણી સંસ્કૃતિને જોવાની એક નવી જ દૃષ્ટિ આપે છે. મધ્યકાલીન યુગમાં સમગ્ર વિશ્વ અધાંધુંધી અને અરાજક્તાો સામનો કરતું હતું. ભારત પણ તેમાંથી બાકાત રહી શક્યું નહી. મુસ્લિમોના આક્રમણો, હિંદુ ધર્મના આસ્થાસમા મંદિરોનો ધ્વંશ, સ્ત્રીઓને ઉપાડી જવી, ધન–માલ લૂંટી લેવા, ગ્રંથો–ગ્રંથાલયોને બાળી નાખવા વગેરેની સામે મહાપુરુષોએ ભારતના વિવિધ પ્રાંતોમાં સંસ્કૃતિની ચેતના જગાડી (ભક્તિ આંદોલન કરી) સંસ્કૃતિને જન જન સુધી પહોંચાડી તેનું સંરક્ષણ કર્યું.

પરમ શ્રધ્ધેય કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિએ તા. ૨૫–૧૧–૨૦૧૮ના રોજ ઇતિહાસ સંકલન સમિતિના સમારોહમાં અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં આ વાતની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે ''આપણું સોમનાથ તુટ્યું પણ આપણી શિવ દેરીયો ગામે ગામ રહી, આપણો પાવાગઢ તૂટ્યો પણ મહાકાળી શેરીએ શેરીએ પહોંચી આજે પણ નવરાત્રી અનુષ્ઠાનોમાં, ઉપાસનામાં, ગરબામાં ગુંજે છે.''

આથી વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ યુનાન, મીશ્ર વગેરે નામશેષ થઇ ગઇ છે ત્યાં ભારતીય સંસ્કૃતિ આજે પણ અડીખમ ઉભી છે. બસ જરૂર છે આપણે સંશોધન દૃષ્ટિ કેળવવાની. ડૉ. અમૃતભાઇ પટેલના લોકસંસ્કૃતિના કાર્યને અને તેને પ્રસ્તુત કરનાર સંપાદક ડૉ. પરમ પાઠક અભિનંદનને પાત્ર છે.

ડૉ. કનકબાળા જાની
ઇ/ચા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન

## સબરસ

શિક્ષક : સ્ત્રી અને પુરુષની વ્યાખ્યા આપો.
વિદ્યાર્થી : શબ્દ પકડી પાડે એ 'સ્ત્રી' અને એ શબ્દનો સાચો અર્થ સમજાવતા–સમજાવતા ગાંડો થઇ જાય એ 'પુરુષ'

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Kanakbala Jani (I/c University Librarian), Dr. Chanduji Thakor
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.